**અમદાવાદ (ગ્રામ્ય ), નવમાં જયુડીશીયલ મેજી. ફર્સ્ટ કલાસની કોર્ટમાં, મિરઝાપુર, અમદાવાદ.**

ફોજદારી કેસ નં. ૨૬૮૪/૨૦૨૧

ફરિયાદી **:-** શ્રી સરકાર

વિ.

આરોપીનું નામ **:-** કેતનકુમાર ડાહ્યાજી ઠાકોર

આ કામે આરોપી સામે ત.ક.અમલદારે એમ.વી.એકટ કલમ-૧૮૫ મુજબનો ચાર્જશીટ રજુ કરેલ છે. મજકુર કામે આજરોજ આરોપીએ હાજર થઇ કબુલાત પુરસીસ રજુ કરી પોતે ગુનો કબુલ કરતા હોવાની હકીકત જણાવેલ છે અને જણાવેલ છે કે પોતે ગરીબ વર્ગનો છે અને કુટુંબની જવાબદારી તેના શીરે છે કાયદા પ્રત્યે માન છે અજાણતા મજકુર ગુનો થયેલ છે તેનો પસ્તાવો વ્યકત કરે છે અને ભવિષ્યમાં આવા પ્રકારના કોઇ ગુનાહીત કૃત્ય કરશે નહી તેવી ખાત્રી આપે છે. આરોપીનુ નિવેદન લેતા તેની કબુલાત સ્વૈચ્છીક હોવાનુ જણાય છે કોઇએ તેને કોઇ લાલચ કે પ્રલોભન આપેલ નથી ગુનાની સજાની જોગવાઇ બાબતે તેને માહિતગાર કરવામાં આવેલ છે છતા પોતે સ્વૈચ્છીક કબુલાત કરતો હોઇ તેની કબુલાત આંક -6 થી રેકર્ડ કરવામાં આવે છે. આરોપીની રજુઆત તેની સામાજીક અને આર્થીક સ્થિતિ અને સંજોગોમાં ગુનો બનવા પામેલ છે તે તમામ હકીકતને નિગાહે લેતા આરોપીને ઓછામાં ઓછી સજા કરવા માટેનો યોગ્ય કીસ્સો જણાય છે અને આ બાબતે નામદાર ગુજરાત વડી અદાલતનો **નટવર હરચંદ વિ. સ્ટેટનો ચુકાદો કે જે જી.એલ.આર. ૨૦૦૫ પેજ નં. ૭૯૯** ઉપર પ્રકાશીત થયેલ છે તે ધ્યાને લેતા આરોપીને આવા કીસ્સામાં ન્યુનતમ સજા કરતા પણ ઓછી સજા કરી શકાય તેમ હોઇ આરોપીની કબુલાતને ધ્યાને લેતા આરોપીને સી.આર.પી.સી. કલમ-૨૫૨ અન્વયે તકસીરવાન ઠરાવી નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છું..

**: : હુકમ : :**

આરોપીને મજકુર ગુના સબબ સી.આર.પી.સી. કલમ-૨૫૨ અન્વયે તકસીરવાન ઠરાવી એમ.વી.એકટની.કલમ-૧૮૫ અન્વયે રૂપીયા ૨૦૦૦ (અંકે રૂપિયા બેહજાર પુરા) નો દંડ કરવાનો અને દંડની રકમ ભરપાઇ કરવામાં કસુર કરે તો દિન ૩ ની સાદી કેદની સજાનો હુકમ ફરમાવુ છુ.

ઉપરોક્ત હુકમ આજરોજ તારીખ: ૧૧ માહે સપ્ટેમ્બર ૨૦૨૧ ના રોજ ખુલ્લી અદાલતમાં મારી સહી કરી વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૧/૦૯/૨૦૨૧
મિરઝાપુર,અમદાવાદ.

**(કુ. કે. એસ. રાણા)**
નવમાં એડીશનલ સિવિલ જજ અને
જયુડી.મેજી.ફ.ક.
અમદાવાદ (ગ્રામ્ય).